| | |
|---|---|
| રજુ તારીખ | ૦૬/૦૧/૨૦૨૩ |
| દાખલ થયા તા. | ૦૬/૦૧/૨૦૨૩ |
| ફેસલ કર્યા તા. | ૦૬/૦૩/૨૦૨૬ |
| સમય મર્યાદા | વર્ષ–માસ–દિવસ |
| | ૦૩– ૦૨ – ૦૦ |

**મહુધાનાં મહે. જ્યુડીશીયલ. મેજીસ્ટ્રેટ. ફર્સ્ટ.કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ–મહુધા, જિ.ખેડા**

જજમેન્ટની તારીખ:–૦૬/૦૩/૨૦૨૬

**ફોજદારી કેસ નં.૨૦/૨૦૨૩**

**આંક–**

મહુધા પો.સ્ટે. ગુ.ર.નં.૩૧૪/૨૦૨૨

**ગુન્હો :– જુગાર ધારા કલમ ૪,૫ મુજબ**

| | |
|---|---|
| ફરીયાદી અથવા ફરીયાદીનું નામ | ધી સ્ટેટ |
| ફરીયાદપક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી એચ.ડી.વાઘેલા |
| આરોપી | **(૧) વિપુલભાઈ ઉર્ફે લાલો રામાભાઈ પટેલ,** ઉ.વ.૩૮<br>**(૨) કિરણભાઈ જશુભાઈ પટેલ,** ઉ.વ.૬૩<br>**(૩) દક્ષેશ રાવજીભાઈ પટેલ,** ઉ.વ.૪૭<br>**(૪) ધર્મેશકુમાર ગીરીશભાઈ પટેલ,** ઉ.વ.૪૩<br>**(૫) હાર્દિકકુમાર બળવંતભાઈ પટેલ,** ઉ.વ.૩૬<br>**(૬) હીરેનકુમાર વિઠઠલભાઈ પટેલ,** ઉ.વ.૩૯<br>**(૭) દીલીપભાઈ ભાસ્કરભાઈ પટેલ,** ઉ.વ.૪૯<br>**(૮) વિજયકુમાર રાવજીભાઈ પટેલ,** ઉ.વ.૪૧<br>તમામ રહે.મહીસા, મુખીની ખડકી તા.મહુધા જી.ખેડા<br>**(૯) રોહીતભાઈ શાંતીલાલ સોની,** ઉ.વ.૬૭ |

| | |
|---|---|
| | રહે. સોનીવાડો, મહીસા તા.મહુધા જી.ખેડા<br>**(૧૦) મુકેશભાઈ રામસીંગભાઈ ઓડ,** ઉ.વ.૩૬<br>**(૧૧) વિનુભાઈ મોહનભાઈ ઓડ,** ઉ.વ.૪૮<br>બંને રહે.મહીસા, નવુ ફળીયુ તા.મહુધા જી.ખેડા<br>**(૧૨) જીતેન્દ્રકુમાર ગણપતભાઈ મિસ્ત્રી,** ઉ.વ.૪૩<br>રહે.વાંટામાં, મહીસા, તા.મહુધા જી.ખેડા<br>**(૧૩) રવિકુમાર પ્રવિણભાઈ પટેલ,** ઉ.વ.૨૯<br>રહે.મહીસા, મુખીની ખડકી તા.મહુધા જી.ખેડા |
| આરોપી પક્ષ તરફે | વિ.વ.શ્રી.એ.બી.કલ્યાણી |

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૦૬/૦૮/૨૦૨૨ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૬/૦૮/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૦૬/૦૧/૨૦૨૩ |
| ચાર્જફ્રેમ/પ્લી કર્યા તારીખ | ૧૬/૦૬/૨૦૨૩ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | ૧૬/૦૬/૨૦૨૩ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ. જો હોય તો, | – |

| ક્રમ | આરોપીનું નામ | ઘરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયા ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષી/ નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિપુલભાઈ ઉર્ફે લાલો રામાભાઈ પટેલ | – | – | જુગાર ધારા કલમ ૪,૫ | નિર્દોષ | – | – |
| ૨ | કિરણભાઈ જશુભાઈ | – | – | –''– | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | પટેલ | | | | | | |
| ૩ | દક્ષેશ રાવજીભાઈ પટેલ | – | – | –''– | નિર્દોષ | – | – |
| ૪ | ધર્મેશકુમાર ગીરીશભાઈ પટેલ | – | – | –''– | નિર્દોષ | – | – |
| ૫ | હાર્દિકકુમાર બળવંતભાઈ પટેલ | – | – | –''– | નિર્દોષ | – | – |
| ૬ | હીરેનકુમાર વિઠ્ઠલભાઈ પટેલ | – | – | –''– | નિર્દોષ | – | – |
| ૭ | દીલીપભાઈ ભાસ્કરભાઈ પટેલ | – | – | –''– | નિર્દોષ | – | – |
| ૮ | વિજયકુમાર રાવજીભાઈ પટેલ | – | – | –''– | નિર્દોષ | – | – |
| ૯ | રોહીતભાઈ શાંતીલાલ સોની | – | – | –''– | નિર્દોષ | – | – |
| ૧૦ | મુકેશભાઈ રામસીગભાઈ ઓડ | – | – | –''– | નિર્દોષ | – | – |
| ૧૧ | વિનુભાઈ મોહનભાઈ ઓડ | – | – | –''– | નિર્દોષ | – | – |
| ૧૨ | જીતેન્દ્રકુમાર ગણપતભાઈ મિસ્ત્રી | – | – | –''– | નિર્દોષ | – | – |
| ૧૩ | રવિકુમાર પ્રવિણભાઈ પટેલ | – | – | –''– | નિર્દોષ | – | – |

**ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવાની વિગત....**

| **ક્રમ** | **સાક્ષીઓના નામ.** | **પુરાવાનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧ | યાસીન યુનીસ વ્હોરાની જુબાની | પંચ સાહેદ | ૨૬ |
| ૨ | મોહસીનમીયા અનવરમીયા મલેકની જુબાની | પંચ સાહેદ | ૨૮ |
| ૩ | કનકસિંહ લક્ષ્મણ સિંહ ડાભીની જુબાની | ફરીયાદી | ૩૫ |
| ૪ | જયેશ વકામતભાઈ વાઢિયાની જુબાની | ત.ક.અ. | ૩૭ |

**ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાની વિગત...**

| ક્રમ | દસ્તાવેજનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યા–મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ | આંક–૨૭ |
| ૨ | ફરીયાદ | આંક–૩૬ |
| ૩ | કુડ લાઈસન્સની ઝેરોક્ષ નકલ | આંક–૩૮ |
| ૪ | લાઈટબીલની ઝેરોક્ષ નકલ | આંક–૩૯ |
| ૫ | જુગારધારા ની કલમ–૬ મુજબનુ વોરંટ | આંક–૪૦ |

**–: જજમેન્ટ :–**

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ ગઈ તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ કલાક ૦૦/૧૫ થી ૦૨/૨૦ વાગ્યા દરમ્યાન મોજે અલીણા, ચોકડીથી ડાકોર રોડ ઉપર આવેલ અતિથી ગાર્ડન રેસ્ટોરન્ટ ના પાછળના ભાગે આવેલ સર્વન્ટ કવોટર્સ ની ઓરડીમા આરોપી નંબર–૧૩ નાએ પોતે પોતાના અંગત ફાયદા સારૂ આરોપી નંબર–૧ થી ૧૨ નાઓને ભેગા કરી પત્તા–પાંના પૈસાથી હાર જીતનો જુગાર રમી રમાડી જુગારનો અખાડો ચલાવી દાવ ઉપરથી રોકડા રૂા.૧૩,૬૦૦/– તથા પકડાઈ ગયેલ આરોપી નંબર–૧ થી ૧૨ નાઓની અંગ ઝડતી માથી મળેલ રોકડા રૂા.૨,૩૯,૦૨૦/– તથા મોબાઈલ ફોન નંગ–૦૯ કિ.રૂા.૪૦,૫૦૦/– તથા પત્તા પાના નંગ–૫૨ કીં.રૂ.૦૦/૦૦ તથા ચાદર–૧ કિં.રૂ.૦૦/૦૦ તથા વેગેનઆર ગાડી નંબર–જી.જે.૦૭.ડી.ડી.૮૨૯૪ ની કિં.રૂ.૩,૦૦,૦૦૦/– તથા ગાડીની ચાવી નંગ–૧ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે રૂ.૫,૯૩,૧૨૦/– ના જુગાર રમવાના સાધનો સાથે સ્થળ ઉપરથી મળિ આવી પકડાઈ જઈ તથા પોતાના કબજા ભોગવટાની ઓરડીમાં જુગાર રમી રમાડી અખાડો ચલાવનાર આરોપી નંબર–૧૩ નાઓ પાછળથી તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ જુગાર ધારા કલમ–૪,૫ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરતા આ કામના ફરીયાદીએ મહુધા પો.સ્ટે.માં ફરીયાદ

નોંધાવતા તે આધારે તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીઓને સમન્સ/વોરંટ કાઢતા આ કામે આરોપીઓ હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી, સદર કામે આંક–૦૪ થી આંક–૧૬ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતા આરોપીઓએ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતા અને કેસ આગળ ચલાવવાનું જણાવતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ સદર કામ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવાનું સ્ટેજ હોય પરંતુ ફરીયાદપક્ષે વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) ત્યારબાદ બંને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની વિગતવાર મૌખીક દલીલો તથા રજુઆતો સાંભળી. આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ દલીલ કરેલ છે કે, આરોપીએ પોતાના અંગત ફાયદા સારુ પોતાના મકાનમાં પત્તા પાનાનો રૂપીયાથી હાર–જીતનો જુગાર રમી રમતા આરોપીઓ જુગારના સાધનો સાથે પકડાઈ ગયેલ હોય સામાજમાં ઉદાહરણરૂપ દાખલો બેસે તેવી સજા કરવા માટે ભારપુર્વક રજુઆત કરેલ છે. જયારે આરોપી

પક્ષે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે આ કામે પંચોને સમજ આપીને પંચનામુ કર્યુ હોવાનુ રેકર્ડ પર નથી તેમજ પંચોએ પંચનામાની હકકીતને લેશ માત્ર સમર્થન આપેલ નથી. જેથી પંચનામુ પુરુવાર થયેલ નથી. ફરીયાદ પક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થતો ના હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૫) ઉપરોકત હકીકતોના ન્યાયીક નિર્ણય અર્થે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દાઓ :-**

(અ) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઇ તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ કલાક ૦૦/૧૫ થી ૦૨/૨૦ વાગ્યા દરમ્યાન મોજે અલીણા, ચોકડીથી ડાકોર રોડ ઉપર આવેલ અતિથી ગાર્ડન રેસ્ટોરન્ટ ના પાછળના ભાગે આવેલ સર્વન્ટ કવોટર્સ ની ઓરડીમા આરોપી નંબર-૧૩ નાએ પોતે પોતાના અંગત ફાયદા સારૂ આરોપી નંબર-૧ થી ૧૨ નાઓને ભેગા કરી પત્તા-પાંના પૈસાથી હાર જીતનો જુગાર રમી રમાડી જુગારનો અખાડો ચલાવી દાવ ઉપરથી રોકડા રૂા.૧૩,૬૦૦/- તથા પકડાઇ ગયેલ આરોપી નંબર-૧ થી ૧૨ નાઓની અંગ ઝડતી માથી મળેલ રોકડા રૂા.૨,૩૯,૦૨૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૯ કિ.રૂા.૪૦,૫૦૦/- તથા પત્તા પાના નંગ-૫૨ કીં.રૂ.૦૦/૦૦ તથા ચાદર-૧ કિં.રૂ.૦૦/૦૦ તથા વેગેનઆર ગાડી નંબર-જી.જે.૦૭.ડી.ડી.૮૨૯૪ ની કિં.રૂ.૩,૦૦,૦૦૦/- તથા ગાડીની ચાવી નંગ-૧ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલે રૂ.૫,૯૩,૧૨૦/- ના જુગાર રમવાના સાધનો સાથે સ્થળ ઉપરથી મળિ આવી પકડાઇ જઈ તથા પોતાના કબજા ભોગવટાની ઓરડીમાં જુગાર રમી રમાડી અખાડો

ચલાવનાર આરોપી નંબર–૧૩ નાઓ પાછળથી તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ જુગાર ધારા કલમ–૪,૫ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(બ) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતનાં નિર્ણયો તેનાં કારણો સહિત નીચે મુજબ છે.

(અ) **નકારમાં.**

(બ) **આખરી હુકમ મુજબ.**

**–: કા ર ણો :–**

(૭) હાલના કામે ફરીયાદ પક્ષે **આંક–૩૫** ફરિયાદી કનકસિંહ લક્ષ્મણસિંહ ડાભી નાઓને તપાસેલ છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ ફરીયાદ પક્ષના કેસને અનુરૂપ જુબાની અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે તેમજ **આંક–૩૬** થી ફરીયાદ રજુ રાખેલ છે, તેમજ આરોપીઓને કોર્ટ રૂબરૂ હાજર રહે તો ઓળખી શકે, જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં ફરીયાદીએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે, એ વાત ખરી છે કે પંચોને ગ્રાહક બનાવીને મોકલેલ હોય તેવુ બનેલુ નહી, એ વાત ખરી નથી કે પૂરતો પુરાવો ન હોવા છતાં ખોટી ફરીયાદ કરેલ છે.

(૮) આ કામે પંચ સાહેદ યાસીન યુનીસ વ્હોરાને **આંક–૨૬** થી તથા

મોહસીનમીયા અનવરમીયા મલેકને **આંક–૨૮** થી સોગંદ ઉપર તપાસેલ છે. પરંતુ તેઓએ તેમની સરતપાસમાં **આંક–૨૭** વાળા પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન પુરુ પાડેલ નથી. જયારે આરોપીઓ તરફે તેમની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૯) આ કામે **આંક–૩૭** થી ત.ક.અ. જયેશ વકામતભાઈ વાઢિયા નાઓને તપાસેલ છે. તેઅઓ તેમની સરતપાસમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે. તેમજ વધુમાં તેઓને તપાસ સોપતા તેઓએ લાગતા વળગા સાહેદોના નિવેદન લીધેલા તેમજ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલુ. તેમજ આરોપીઓ હાજર હોય તો તેઓને ઓળખી શકે છે. જયારે આરોપી તરફેથી ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે, એ વાત ખરી છે કે પંચો સિવાય સ્વતંત્ર સાહેદો ના નિવેદન લીધેલા નહિ, એ વાત ખરી છે કે હું રીડિંગ માં સાથે હતો અને સંપૂર્ણ તપાસ મે કરેલ, એ વાત ખરી નથી કે સાહેદો ના નિવેદન સાહેદો એ લખાવ્યા મુજબ નહિ પણ જાતે લખી લીધેલા, એ વાત ખરી છે કે પંચો ને ગ્રાહક બનાવી ને મોકલેલ હોય તેવું બનેલું નહિ, એ વાત ખરી નથી કે જગ્યા ની માલિકી બાબતે કોઈ દસ્તાવેજ મેળવેલું નહિ, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે લાઇટબીલ અને લાઇસન્સ મેળવેલું છે, એ વાત ખરી નથી કે પૂરતો પુરાવો ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૧૦) આમ, ફરીયાદક્ષનો રજુ થયેલ તમામ પુરાવો ધ્યાને લેતાં આ કામે તપાસેલ સ્વતંત્ર પંચ સાહેદ તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને કે

પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. વધુમાં, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી, ત.ક.અ. અને પોલીસ સાહેદે તેઓની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યા રહેણાંક વિસ્તાર હોય લોકોની અવર જવાર હોય છે. વધુમાં આ કામે ત.ક.અમલદારે તેઓની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કામે પંચો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આમ જે કોઈ સાહેદો છે તે પોલીસ સ્ટાફના માણસો છે. વધુમાં આ કામે બનાવ વાળા ઘરનો નંબર, ઓરડીની ચતુર્દિશાનુ વર્ણન કરેલ નથી. આ કામે ત.ક.અમલદારે આંક–૩૯થી લાઈટબીલની ઝેરોક્ષ રજૂ કરેલ છે તેમજ આં ક–૩૮ થી કુડ લાઈસન્સની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે તે જોતા તે નવીનચંદ્ર ચીમનલાલ પટેલ નાઓનુ હોવાનુ જણાય આવે છે જેથી જગ્યાની માલિકી બાબતે આરોપીઓથી કોઈ માલિકીનો પુરાવો કબજે કરેલ નથી તેમજ આં ક–૩૮,૩૯ વાળા દસ્તાવેજો ઝેરોક્ષ નકલ હોય અસલ ન હોય અને સેકન્ડરી એવીડેન્સ તરીકે પુરવાર કરેલ ન હોય તે સંજોગોમાં આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ વિશ્વશનીય પુરાવો ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલ નથી. તે સંજોગોમાં માત્ર પોલીસ સાહેદો, ફરીયાદી તથા ત.ક.અ.ની જુબાની પર આધાર રાખી સજા કરવી યોગ્ય જણાતી નથી. વધુમાં બચાવપક્ષે સદરહુ કામે પકડાયેલ મુદ્દામાલ રોકડ રકમ સંદર્ભે નોકલેઈમ પુરસીસ આપી જાહેર કરેલ છે કે સદરહુ કામમાં પકડાયેલ બાકીનો મુદ્દામાલ તેઓની માલીકીનો નથી અને તેઓ તેનો કલેમઈ કરતા નથી અને કરવાના નથી.

(૧૨) આમ, ફરીયાદી, પોલીસ સાહેદ તથા તપાસ કરનાર અમલદારની જુબાની ધ્યાને લેતા, તેઓ ફરીયાદમાં જણાવેલ બનાવને અનુરૂપ સુસુગત જુબાની

આપેલ છે અને ઉલટ તપાસમાં જોતાં પણ વિપરીત કોઈ પુરાવો રજુ થયેલો નથી. પંરતુ ઉપર ચર્ચા કરી તેમ જયારે સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી, તે સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોની જુબાની પર આધાર રાખી, અન્ય કોરોબોરેટીવ પુરાવાના અભાવે સજા કરવી યોગ્ય જણાતી નથી. તેથી **મુદ્દા નં. ૧** નો જવાબ '**નકાર**'માં ઠરાવી **મુદ્દા નં. ૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આ ખ રી હુ ક મ : –**

(૧) આ કામના આરોપી નં. **(૧) વિપુલભાઈ ઉર્ફે લાલો રામાભાઈ પટેલ,** ઉ.વ.૩૮, **(૨) કિરણભાઈ જશુભાઈ પટેલ,** ઉ.વ.૬૩, **(૩) દક્ષેશ રાવજીભાઈ પટેલ,** ઉ.વ.૪૭, **(૪) ધર્મેશકુમાર ગીરીશભાઈ પટેલ,** ઉ.વ.૪૩, **(૫) હાર્દિકકુમાર બળવંતભાઈ પટેલ,** ઉ.વ.૩૬, **(૬) હીરેનકુમાર વિઠઠલભાઈ પટેલ,** ઉ.વ.૩૯, **(૭) દીલીપભાઈ ભાસ્કરભાઈ પટેલ,** ઉ.વ.૪૯, **(૮) વિજયકુમાર રાવજીભાઈ પટેલ,** ઉ.વ.૪૧ તમામ રહે.મહીસા, મુખીની ખડકી તા.મહુધા જી.ખેડા, **(૯) રોહીતભાઈ શાંતીલાલ સોની,** ઉ.વ.૬૭ રહે. સોનીવાડો, મહીસા તા.મહુધા જી.ખેડા, **(૧૦) મુકેશભાઈ રામસીંગભાઈ ઓડ,** ઉ.વ.૩૬, **(૧૧) વિનુભાઈ મોહનભાઈ ઓડ,** ઉ.વ.૪૮ બંને રહે.મહીસા, નવુ ફળીયુ તા.મહુધા જી.ખેડા, **(૧૨) જીતેન્દ્રકુમાર ગણપતભાઈ મિસ્ત્રી,** ઉ.વ.૪૩ રહે.વાંટામાં, મહીસા,તા.મહુધા જી.ખેડા, **(૧૩) રવિકુમાર પ્રવિણભાઈ પટેલ,** ઉ.વ.૨૯, રહે.મહીસા, મુખીની ખડકી તા.મહુધા

જી.ખેડાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની ૨૫૫(૧) અન્વયે જુગાર ધારાની કલમ– ૪, ૫ મુજબના શિક્ષા પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે કરેલ મુદ્દામાલ મુદ્દામાલ જો કોઈ વાહન/મોબાઈલ કબ્જે કરેલ હોય અને તે અંગે કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે બિન શરતી કાયમ રાખવામાં આવે છે અન્યથા જો કોઈ હુકમ થયેલ ના હોય તો અપીલ સમય બાદ જો અપીલ ના થાય તો માલીકીની ખરાઈ કરી માલીકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલમાં જણાવેલ રોકડ રકમ અપીલ સમય વિત્યા બાદ સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. જયારે બાકીના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામે આરોપી દવારા રજુ કરવામાં આવેલ જામીન અપીલ સમય સુધી અસ્તિત્વમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૬ ઠ્ઠી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૦૬/૦૩/૨૦૨૬
મહુધા.

(કિશનકુમાર આર. મૌર્ય)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,મહુધા
(જીજે ૦૧૭૨૩)